# જી.એસ.ટી. પછી આટલું ખાસ ધ્યાન રાખો

(અગત્યની માહિતી)

## GST માં બીલ બનાવતા પહેલા અગત્યની વાત

- ✓ GST મોડ માં Party Master માં Registration Type ફરજિયાત પણે સિલેક્ટ કરવાનું રહેશે જેમાં નીચે દર્શાવેલ રજીસ્ટ્રેશન ટાઇપ માંથી એક સિલેક્ટ કરવવાનું રહેશે.
  - રેગ્યુલર: જેને ટેક્ષની ક્રેડીટ લેવાની છે તે પાર્ટી
  - કન્ઝ્યુમર: જેની પાસે GST કે અન્ય કોઈ માહિતી નથી
  - કમ્પોઝીશન: પાર્ટીએ જો કમ્પોઝીશન સ્કીમ પસંદ કરેલ હોય તેના માટે
  - અનરજીસ્ટર (ફક્ત પર્ચેઝ માટે): અનરજીસ્ટર્ડ વ્યક્તિ પાસેથી ખરીદીના વ્યવહારો માટે.
- ✓ **જો Registration Type સિલેક્ટ નહિ કરેલ હોય અથવા યોગ્ય રીતે સિલેક્ટ નહિ કરેલ હોય, તો તેની ખોટી ઈફેક્ટ રીટર્ન્સ માં આવશે**

## ૧. GST પછી બીલો કેવી રીતે બનાવવા?

GST કાયદા માં બે પ્રકારના બીલો બનાવવાની જોગવાઈ છે

૧. ટેક્ષ ઇન્વોઇસ:

૨. બીલ ઓફ સપ્લાઈ:

- ✓ દરેક ટેક્ષેબલ માલના વેચાણ કે સપ્લાઈ માં ટેક્સ ઇન્વોઇસ જ બનાવવાની રહેશે.
- ✓ ટેક્સ ફ્રી માલના વેચાણ કે સપ્લાઈ વખતે બીલ ઓફ સપ્લાઈ જ બનાવવાની રહેશે.
- ✓ આ ઉપરાંત જે વેપારીઓએ કમ્પોઝીશન સ્કીમ સ્વીકારી હોય તેઓએ વેચાણ કે સપ્લાઈ વખતે બીલ ઓફ સપ્લાઈ જ આપવાનું રહેશે. તેઓ ટેક્ષ ઇન્વોઇસ આપી શકશે નહિ અને બીલ માં ટેક્ષ ઉઘરાવી શકશે નહિ.
- ✓ કોઈએ રીટેઈલ ઇન્વોઇસ બનાવવાની રહેશે નહિ.
- ✓ મિરેકલ માં પણ વર્ઝન ૯.૦ રીલીઝ ૨.૦ ના બીલ્ડ નંબર ૧૭૧ પછી ની બીલ્ડ માં **રીટેઈલ ઇન્વોઇસ** ને બદલે **બીલ ઓફ સપ્લાઈ** જ જોવા મળશે

## ૨. રીટર્ન્સ માં કઈ કઈ વિગત આપવાની થશે?

- ✓ રેગ્યુલર ડીલર ને કરેલ સપ્લાઈ અને સેલ્સ બીલ ની વિગતવાર માહિતી આપવાની રેહેશે
- ✓ આ ઉપરાંત બાકીના દરેક બીલની સમરી આપવાની રહેશે
- ✓ આ માહિતી મિરેકલ સોફ્ટવેરમાં ઓટોમેટિક જનરેટ થશે.

Note: Only for internal use of Miracle Accounting Software. For further clarification please refer detail law.